# S.R.C અહેવાલ (2024-25)

## S.R.C. Convener : Dr.J.M.Shah

જય રણછોડ,

મંચસ્થ મહાનુભવો,આમંત્રિત મહેમાનો,અધ્યાપકમિત્રો તથા અંતિમ વર્ષ U.G & P.Gનાં વિદાય લઈ રહેલા મારા વ્હાલા વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો.

ભવન્સ કોલેજ,ડાકોરનાં વાર્ષિકોત્સવ,ઈનામ વિતરણ તથા અંતિમ વર્ષ U.G & P.Gનાં વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં આપ સર્વેનું હાર્દિક સ્વાગત કરું છું. આ વર્ષે કોલેજમાં રાજા રણછોડરાયની કૃપાથી,સંચાલક મંડળનાં સંપૂર્ણ સહયોગથી તથા કા.આચાર્યશ્રી ડો.ટી.આર.ત્રિવેદી સાહેબ,આર્ટસ ફેકલ્ટીનાં કોઓર્ડીનેટર ડો.એ.કે.ચૌધરી સાહેબ તથા IQAC કોઓર્ડીનેટર એસ.એ.ગાંધી સાહેબનાં માર્ગદર્શન હેઠળ અને સમગ્ર ભવન્સ પરિવારનાં સહકારથી KCG & Department of Education, ગુજરાત સરકારે **Assessment & Rating agency ,the Indian Centre for Academic Rating and Excellence(ICARE) નાં આધારે 3 STAR Rank Institutional in the category of college in GSIRF (Gujarat State Institutional Ratings Framework)આપેલ છે. સમગ્ર ભવન્સ પરિવારનાં સૌ સભ્યોને "ખુબ ખુબ અભિનંદન"** જેમાં આપણી ગ્રામ્ય વિસ્તારની ભવન્સ કોલેજ,સરદાર પટેલ યુનીવર્સીટી સંલગન કોલેજોમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે.આ વર્ષ દરમિયાન કોલેજનાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લઈને કોલેજને સતત જીવંત રાખી છે. સમગ્ર વર્ષ દરમિયાન કોલેજમાં થયેલ પ્રવૃતિઓનો અહેવાલ રજુ કરતાં હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

કોલેજ દ્વારા વેકેશનમાં જ ધોરણ 12 આર્ટસ,કોમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે જીકાસ પોર્ટલ દ્વારા ઓનલાઈન એડમિશન પ્રક્રિયા તથા તે અંગેના માર્ગદર્શક સેમિનારનું અયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 150થી વધુ વિદ્યાર્થીઓએ અને વાલીઓએ ભાગ લીધો હતો.

આ વર્ષ દરમિયાન કોલેજનાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પરીક્ષાઓમાં ઉચ્ચ પરિણામ મેળવીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

- આર્ટસ ફેકલ્ટીમાં NAMIRABEN ARIFBHAI VAHORA SPU.દ્વારા લેવાયેલી 2023-24 બી.એ. સેમ. 6 ની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડમેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. **'ખુબ ખુબ અભિનંદન"**

-સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.એ. સેમ-5 ની ઑક્ટોબર-2024 ની યુનિવર્સિટી પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ઝીલ સતીશભાઈ વસાવા 9.09 CGPA સાથે સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.**'ખુબ ખુબ અભિનંદન"** તથા યુનિવર્સિટીમાં 1 થી 10 માં કુલ 4 જેટલા વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી ભવન્સ કૉલેજ,ડાકોરને ગૌરવ અપાવેલ છે. **"ખુબ ખુબ અભિનંદન"**

-બી.કૉમ સેમ-3 અને સેમ-5 ની ઑક્ટોબર-2024 ની યુનિવર્સિટી પરીક્ષામાં કૉમર્સના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીનાં 1 થી 10 ક્રમમાં કુલ 6 વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી ભવન્સ કૉલેજ,ડાકોરને ગૌરવ અપાવેલ છે.તમામ વિદ્યાર્થીઓને **"ખુબ ખુબ અભિનંદન"**

-આ વર્ષ દરમિયાન કોલેજનાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની સ્પોર્ટ્સ સ્પર્ધાઓમાં જડહળતી સફળતા મેળવીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે.સરદાર પટેલ યુનિ. આંતર  કોલેજ ખેલકૂદ સ્પર્ધામાં ૫૦૦૦ મી. દોડમાં દ્વિતીય અને ૧૫૦૦ મી. દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારવા બદલ ચાવડા રાહુલ.એમ.– B.Com.-6 ને **'ખુબ ખુબ અભિનંદન"** તથા ચક્ર ફેંક સ્પર્ધામાં યુનિ.માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારવા બદલ મેકવાન આર્યન એમ.– M.Sc.-4 ને **'ખુબ ખુબ અભિનંદન"**.

ગુજરાત સરકાર દ્વારા આયોજીત ગુજરાત સાંસ્કૃતિક વક્તુત્વ સ્પર્ધામાં જિલ્લા લેવલે કોલેજની M.Com.-4ની વિદ્યાર્થીની જીગીષા ઘનશ્યામભાઈ સેનવાએ કોલેજનું પ્રતિનિધિત્વ કરેલ છે. **'ખુબ ખુબ અભિનંદન"**.તથા કોલેજ કક્ષાએ યોજાયેલ સ્પર્ધામાં 5 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**UDISHA CLUB : Convener Dr.Ishita.N.Patel:**

ઉદીશાના ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે Seminar on Overseas Guidance and Interview, Tata Strive's orientation program તથા જીલ્લા અને તાલુકા  કક્ષાનાં જોબફેરનું આયોજન કરવામાં આવ્યું.વિવિધ  કંપનીઓમાં job placement  તેમાં 90 વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને 10 વિદ્યાર્થીઓની પસંદગી થઈ.

**N.S.S : Convener Dr.K.K.Dave**

(1) NSS વિભાગ દ્વારા વર્ષ દરમિયાન NSS અભિમુખતા કાર્યક્રમ, "એક પેડ માં કે નામ" કાર્યક્રમ અંતર્ગત 200 જેટલા પ્લાન્ટનું કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા જાગૃતી રેલી અને સ્વચ્છતા શપથ, ડાકોર ખાતે સ્વચ્છતા અભિયાન અને રણછોડરાય પગલાં મંદીર ખાતે વન ડે કેમ્પ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં  વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(2) NSS વિભાગ દ્વારા વાર્ષિક શિબિરનું આયોજન થામણા મુકામે કરવામાં આવ્યું જેમાં 45 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, શિબિરમાં પ્રભાત ફેરી, યોગા-પ્રાણાયામ,સ્વાસ્થ્ય જાગૃતિ,વ્યસન મુક્તિ, સામાજિક,સાંસ્કૃતિક અને અધ્યાત્મિક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા, આ ઉપરાંત મેડીકલ ચેકઅપ કેમ્પ, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, પશુ ચિકિત્સા-સારવાર-નિદાન કેમ્પ, નેશનલ અને કોર્પોરેટ ટ્રેનર દ્વારા ટ્રેનિંગ પ્રોગ્રામો અને લેક્ચર તથા કાનૂની શિક્ષણ શિબિર, સિનિયર સિટીઝનો સાથે સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

**સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા : (Convener Dr.R.B.Vaghela)**

**1.વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા : (Convener Dr.A.K.Chaudhari)**  આ ધારા અંતર્ગત 'આંતર રાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં યોગ શિક્ષક ડૉ. પંકજ લોચન સહાય દ્વારા યોગ વિશે સમજ આપી હતી. નવા કાયદાઓથી વિદ્યાર્થીઓ વાકેફ  બને તે માટે કોલેજમાં જાગૃતિ અભિયાન કાર્યક્રમ, ડાકોર પોલીસ સ્ટેશનનાં પી.આઈ. મંડોરા સાહેબની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો.

**જ્ઞાનધારા** : **(Convener Dr.B.M.Patel)** આ ધારા અંતર્ગત 'વક્તૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના 24 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**3.ગીત સંગીત નૃત્ય ધારા : (Convener Dr.H.S.Bhatt)** કોલેજમાં ગીત સંગીત નૃત્ય ધારા હેઠળ - ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના 23 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**4.કલા- કૌશલ્ય ધારા : (Convener Dr.B.K.Patel)** કોલેજમાં કલા-કૌશલ્ય ધારા અને "CWDC" ના સંયુક્ત ઉપક્રમે 'રંગોળી સ્પર્ધા'અને'મહેંદી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 18 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**5.સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા : (Convener Dr.S.A.Machchi)** કોલેજમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા હેઠળ 'કાવ્ય-પઠન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 55 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**6.નાટ્ય ધારા : (Convener Dr.J.M.Shah)** નાટ્ય ધારા અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ વિષય પર નાટકની ભજવણી કરવામાં આવી હતી.જેમાં 10 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને100 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

**7.સામુદાયિક સેવાધારા : (Convener Dr.K.K.Dave)** કોલેજમાં સામુદાયિક સેવાધારા હેઠળ'રેડક્રોસ સોસાયટી'ના સહયોગથી 'થેલેસેમિયા ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 120 વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.

**S.R.C Committee : Convener Dr.J.M.Shah**

S.R.C કમિટી દ્વારા વર્ષ દરમ્યાન પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે Induction Program,78માં સ્વતંત્રતા દિવસ, 76માં પ્રજાસત્તાક દિન તથા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કોલેજમાં વિવિધ વિષયોમાં વિદ્યાર્થીઓ માટે વિષય નિષ્ણાત વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું.

તેમાં સંસ્કૃત વિભાગ દ્વારા ડૉ.વિજયકુમાર કર્ણ (પ્રૉફેસર, નવ નાલન્દા મહાવિહાર, સમ વિશ્વવિદ્યાલય, સંસ્કૃતિ મન્ત્રાલય ભારત સરકાર, નાલન્દા, બિહાર) નું NEP के सन्दर्भ में संस्कृत की उपादेयता (रोजगार के सन्दर्भमें) વિષયક વિદ્વત્ વ્યાખ્યાન યાજવામાં આવ્યું.

-ગુજરાતી વિભાગ દ્વારા કનૈયાલાલ માણેકલાલ મુનશી વ્યાખ્યાન માળા' અંતર્ગત 'ભાષા વિજ્ઞાન એક પરિચય' વિષય પર ડૉ .મહેન્દ્ર નાઈ સાહેબ(Professor,Department of Gujarati,Sardar Patel University,Vallabh Vidyanagar)નું વ્યાખ્યાન

-An expert lecture on ***Empowering Life Through Literature*** by Retd. Prof. & Head of the English Dept. Sardar Patel University Dr. R. K. Mandalia. organized by English Department.

-હિસ્ટ્રી વિભાગ દ્વારા "સરદાર પટેલનું જીવન અને રાષ્ટ્રહિતના કાર્યો" પર એસ.વી.આર્ટસ કૉલેજ,અમદાવાદના આચાર્ય ડૉ. જગદીશ.એસ.ચૌધરી સાહેબશ્રીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

-રસાયણશાસ્ત્ર વિભાગ દ્વારા B.Sc & M.Sc ના વિદ્યાર્થીઓ માટે ડો. કે. આર. રામ સાહેબ (Assistant Professor , Department of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar)નું "Spectroscopy" વિષય પર વ્યાખ્યાન યોજાયું.

કૉમર્સ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે કેસીજી દ્વારા મંજૂર થયેલ વૉકેશનલ કોર્ષ "પ્રોગ્રામ ઓન જીએસટી" નું આયોજન, ગુજરાત સરકાર KCG, ગાંધીનગર અને બોમ્બે સ્ટોક એક્ષચેન્જ ના સંયુક્ત ઉપક્રમે " Introduction to Mutual Funds" નો વોકેશનલ સર્ટિફિકેટ કોર્સ તથા ગુજરાત સરકાર KCG, ગાંધીનગર દ્વારા Finishing School Training program to impart skill education to studentsનું આયોજન થયું.

- C.W.D.C.ના ઉપક્રમે ફક્ત વિદ્યાર્થીની બહેનો માટે Mr. Jitu Bhai નું Breast Cancer Awareness વિષય પર વ્યખ્યાન, અંગદાન મહાદાન વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટેનો કાર્યક્રમ, NEP અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આર્ટસ,કોમર્સ અને સાયન્સ ડીપાર્ટમેન્ટ દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે.તથા કોલેજનાં વિદ્યાર્થીઓને વિવિધ સ્થળો અને સંસ્થાઓમાં શૈક્ષણિક પ્રવાસમાં લઈ જવામાં આવ્યા.

**In charge Principal Dr. T. R. Trivedi Sir:** Appointed as member of State Assessment Accreditation Council (SAAC)by Knowledge Consortium of Gujarat (KCG) to assess preparation of various colleges expecting NAAC visit by UGC. Congratulation Sir.

-આર્ટસ,કોમર્સ અને સાયન્સનાં પી.એચ.ડી ગાઈડોનાં માર્ગદર્શન હેઠળ આ વર્ષે બે વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.પી.એચ.ડીના કોર્ષવર્કમાં નિષ્ણાત વ્યાખ્યાન આપેલ છે.

-અધ્યાપકોએ વિવિધ કોલેજોમાં ઈન્ટરનેશનલ,નેશનલ, કોન્ફરન્સ-સેમિનારમાં રીસર્ચ પપેર પ્રકાશિત કરેલ છે.તથા વર્કશોપ,FDPમાં ભાગ લીધેલ અને અન્ય કોલેજોમાં વ્યાખ્યાન આપેલ છે. ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કઠલાલ સાથે M.O.U દ્વારા ફેકલ્ટી એક્ષચેન્જનું આયોજન કરવામાં આવ્યું.તેમાં આર્ટસ અને કોમર્સ ફેકલ્ટીનાં અધ્યાપકોએ Expert Lecture આપેલ છે.

અંતમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી માટે ઉજ્જવળ સફળતા પ્રાપ્ત કરો તેવી ભવન્સ પરિવાર તરફથી શુભેચ્છા પાઠવું છું.

**જય રણછોડ**